RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 295, Dt.03-3-2025 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# મેરેજ સર્ટીફીકેટ લગ્નનો નિર્ણાયક અને માન્ય પુરાવો : હાઈકોર્ટ

## જર્મની દુતાવાસે મહિલાના વિવાહ પ્રમાણપત્રના વિઝા આપવાના સંદર્ભમાં અસ્વીકાર કરતાં મામલો બોમ્બે હાઈકોર્ટમાં પહોંચ્યો હતો

**મુખ્ય સમાચાર, મુંબઈ**

બોમ્બે હાઈકોર્ટે એક આદેશમાં સ્પષ્ટ કર્યું છે કે, સ્પેશ્યલ મેરેજ એકટ અંતર્ગત જાહેર મેરેજ સર્ટીફીકેટ લગ્નનો નિર્ણાયક અને માન્ય પુરાવો છે. શરત એટલી કે સર્ટીફીકેટને કોઈ કોર્ટ અને ઉપર્યુકત ઓથોરીટીએ રદ ન કર્યું હોય.

જસ્ટીસ ગિરીશ કુલકર્ણી અને જસ્ટીસ ગિરીશ શેઠનાની બેન્ચે એક મહિલાને નવસેરથી મેરેજ સર્ટીફીકેટ ઈસ્યુ કરવા નિર્દેશ આપવાનો ઈન્કાર કર્યો છે. મહિલાનો પતિ વિદેશ રહે છે.એટલે તેમનાં લગ્ન સ્પેશ્યલ મેરેજ એકટ અંતર્ગત રજીસ્ટર થયા હતા.



જર્મની દુતાવાસે મહિલાના વિઝીટના આવેદનનો એ આધારે અસ્વીકાર કર્યો હતો.કારણ કે મેરેજ સર્ટીફીકેટ ઈસ્યુ કરતી વખતે સ્પેશ્યલ મેરેજ એકટની જોગવાઈ પાંચનું પાલન નથી કરાયું.

ઉપર્યુકત જોગવાઈ અંતર્ગત લગ્ન પહેલા પતિ અથવા પત્નિમાંથી કોઈ એકને ભારતમાં સતત 30 દિવસ સુધી રહેવુ જરૂરી છે. જોકે મહિલાનાં મામલામાં ધારા પાંચનું પાલન નથી થયુ. એટલે તેનું સર્ટીફીકેટ અમાન્ય છે.

બેન્ચે કહેલુ-અનિયમીતતાનાં કારણે વિવાહ અમાન્ય ન થઈ જાય:મામલા સાથે સંકળાયેલ દંપતીના ૨૩ નવેમ્બર ૨૦૨૩ ના લગ્ન થયા હતા. બેન્ચે કહ્યું હતું કે અમારા અભિપ્રાય મુજબ જોગવાઈ પાંચ અંતર્ગત વિવાહ સાથે સંકળાયેલ કોઈપણ પણ દ્વારા જોવામાં આવેલી અનિયમીતતાં ઓથોરીટી દ્વારા જાહેર મેરેજ સર્ટીફીકેટનો અસ્વીકાર કરવાનો આધાર હોઈ શકે.

અનિયમીતતાથી વિવાદ અમાન્ય ન થઈ શકે. બેન્ચે સ્પષ્ટ કર્યું હતું કે સ્પેશ્યલ મેરેજ એકટ અંતર્ગત એકવાર જયારે યુગલને મેરેજ સર્ટીફીકેટ ઈસ્યુ થળઈ જાય છે તો તે વિવાહનો માન્ય અને નિર્ણાયક પુરાવો બની જાય છે. જયારે ઓફીસર મેરેજ સર્ટીફીકેટ બુકમાં વિવાહને રજીસ્ટર કરી લે છે તો મેરેજ સર્ટીફીકેટ લગ્નનો નિર્ણાયક પુરાવો બની જાય છે.

# ગુજરાત ATSને મળી મોટી સફળતા ઉત્તર પ્રદેશથી ઝડપ્યા બે આતંકવાદી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ગુજરાત ATSAને હરિયાણા જ્ઞ્રૠને આતંકવાદીઓને પકડવામાં મોટી સફળતા હાથ લાગી છે. બાતમીના આધારે ફરીદાબાદથી બે આતંકવાદીઓને ઝડપી લેવામાં આવ્યાં છે. હરિયાણા STF સાથે કરવામાં આવેલાં સંયુક્ત ઓપરેશનમાં બે આતંકવાદી સાથે હેન્ડ ગ્રેનેડનો જથ્થો પણ જપ્ત કરવામાં આવ્યો છે. ગુજરાત ATS ને આતંકવાદીઓને પકડવામાં એક મોટી સફળતા મળી છે. હરિયાણા STF સાથે સંયુક્ત ઓપરેશન હાથ ધરી ઉત્તર પ્રદેશના ફરીદાબાદમાંથી બે આતંકીઓ સાથે હેન્ડ ગ્રેનેડનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ, ગુજરાત અઝજને ઉત્તર પ્રદેશથી બાતમી મળી હતી કે, બે શંકાસ્પદ શખસો હેન્ડ ગ્રેનેડનો જથ્થા સાથે ઉત્તર પ્રદેશ પહોંચવાના છે.

બાતમીના આધારે હરિયાણા STFને સાથે રાખી રવિવારે (૨ માર્ચ) મોડી રાત્રે ઓપરેશન હાથ





ધરવામાં આવ્યું અને બંનેને ઝડપી લેવાયા હતાં. સમગ્ર મામલે હરિયાણા STFમાં ગુનો નોંધવામાં આવશે અને ગુજરાત અઝજના અધિકારીઓ ત્યાં પૂછપરછ માટે જઈ શકે છે. પૂછપરછમાં અનેક મોટા ખુલાસા થઈ શકે છે. બંને આરોપી સાથે કોઈ અન્ય સામેલ છે કે કેમ? આ સિવાય આ હેન્ડ ગ્રેનેડના જથ્થા સાથે તે શું કરવા માંગતા હતા?

# મોદીની અધ્યક્ષતામાં નેશનલ વાઈલ્ડ લાઈફની મીટીંગમાં પ્રોજેકટ લાયન અંગે ગહન ચર્ચાઓ કરાઈ

■ મોદીએ સફારી પાર્કમાં એશીયાન્ટીક સિંહોના દર્શન કરી ઉગતા સૂર્યનારાયણ સાથે સિંહોને નિહાળ્યા

**મુખ્ય સમાચાર,સાસણ**

એશિયાટીક લાઈનના મુખ્ય ગણાતા સાસણ ગીર ખાતે ગત સાંજે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સાસણ ગીર ભાલછેલ હેલીપેડ ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આજે વહેલી સવારે ૬-૩૦ કલાકે ગુજરાતના પનોતા પુત્ર દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સફારી પાર્કમાં એશીયાન્ટીક સિંહોના



દર્શન કરી ઉગતા સૂર્યનારાયણ સાથે સિંહોને નિહાળ્યા હતા.

આજે તા.૩-૩ એટલે કે વિશ્વ જીવ નેશનલ બોર્ડ ફોર વાઈડલાઈફ નિમિતે વડાપ્રધાનના અધ્યક્ષતામાં સિંહ સદન સાસણ ખાતે વન વિભાગના દેશના જુદા જુદા રાજયોમાંથી આવેલા ૫૦થી વધુ ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી.

કેસરીસિંહએ સોરઠની શાન છે દેશમાં ડાલામથ્થા એશીયાટીક સિંહો ડાલામથ્થાઓ જંગલમાં વિહારતા હોય તેને જોવા દેશ વિદેશમાંથી સહેલાણીઓ અહીં આવે છે વડાપ્રધાનની અધ્યક્ષતામાં નેશનલ વાઈલ્ડ લાઈફની મીટીંગમાં પ્રોજેકટ લાયન અંગે ગહન ચર્ચાઓ કરવામાં આવી છે. જેમાં સિંહ સંરક્ષણ-સિંહ સંવર્ધન તેમની જાળવણી આરોગ્ય સહિતના મુદ્દે ચર્ચાઓ કરવામાં આવી છે.

ગીરના સિંહ દેશનું ગૌરવ છે. જુનાગઢના નવાબ મહોબતખાનજીએ સિંહના શિકાર પર પ્રતિબંધ મુકયો હતો. આઝાદી બાદ હાલ સિંહની સંખ્યા ૧૫માંથી વધુને ૬૭૪ ઉપરના આંક ઉપર પહોંચી છે.

# પૂજન-અર્ચન સાથે મહાકુંભની સફળતા-સિધ્ધિ સોમનાથ મહાદેવને સમર્પિત કરતા વડાપ્રધાન

## સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલી કરી રામ મંદિરના દર્શન કર્યા : ગેલેરી નિહાળી

**મુખ્ય સમાચાર,સોમનાથ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં ગુજરાત-સૌરાષ્ટ્રનાં પ્રવાસ દરમિયાન તેઓ જામનગરની મુલાકાત બાદ સોમનાથ મહાદેવના દર્શન-પૂજન-અર્ચન કર્યા હતા. વેરાવળના સોમનાથમાં પ્રથમ જયોતિર્લિંગ સોમનાથ મહાદેવના પૂજન-અર્ચન સાથે મહાકુંભની સફળતા-સિધ્ધિ સોમનાથ મહાદેવને સમર્પિત કરી હતી.

સોમનાથ મહાદેવના પૂજન-અર્ચન સાથે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલી બાદ રામજી મંદિરનાં પણ દર્શન કર્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને નિહાળવા મોટી સંખ્યામાં જન સમુદાય એકઠો થયો હતો. સોમનાથ ખાતે આવેલ હેલીપેટ ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાંજે ૪.૧૫ કલાકે પહોંચેલ અને ત્યાં થી સીધા સોમનાથ મંદિર સામે આવેલ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા એ આવેર ત્યાં ટ્રસ્ટના ટ્રસ્ટી પી. કે. લહેરી, જે. ડી. પરમાર અને જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાએ એ સ્વાગત કરેલ અને વડાપ્રધાન એ સરદાર વલ્લભભાઈ પટેલ ની પ્રતિમાને પુષ્પો અર્પણ કરેલા અને સિધા સોમનાથ મંદિર મા દર્શન માટે ગયેલા. જેમાં સોમનાથ મહાદેવ ને ગંગાજળ અભિષેક બાદ શિવ લિંગ ની પુજા અર્ચના કરવામાં આવેલ. શિવલિંગની પુજા બાદ મંદિર ઉપર ૧૭૬૬ સોનાના કળશ ચડાવવાના છે જેમા મોટા ભાગના કળશના દાંતાઓના હસ્તે પુજા કરવામાં આવેલ અને જે કળશની પુંજા થયેલ નથી તેવા કળશની વડાપ્રધાન અને સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ નરેન્દ્રભાઈ મોદીના હસ્તે પુજા કરવામાં આવેલ.

આ સાથે મંદિર ઉપર ચડાવવાના તમામ કળશ પુરા થયેલ છે અને કળશ પુજા બાદ વડાપ્રધાન બહાર નિકળી ગેલેરી બાજુ નિરીક્ષણ કરેલ અને મંદિરની બહાર નિકળી ગયા અને ત્યાંથી ત્રિવેણી રોડ ઉપર આવેલ રામ મંદિરના દર્શન કરી અને સાસણ રવાના થયા હતા. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તેમના ત્રિ-દિવસિય પ્રવાસના બીજા દિવસે પ્રથમ જ્યોતિર્લિંગ એવા સોમનાથ મહાદેવના



દર્શનાર્થે આવી પહોંચતા સોમનાથ હેલિપેડ ખાતે તેમનું ઉષ્માસભર સ્વાગત કરવામાં આવ્યું હતું.

હેલિપેડ ખાતે વડાપ્રધાનના સ્વાગત-સત્કાર માટે જિલ્લા પંચાયતના પ્રમુખ મંજૂલાબહેન મૂછાર, વેરાવળ-પાટણ નગરપાલિકાના પ્રમુખ પલ્લવીબહેન જાની, જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજા, જિલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજા તથા અગ્રણી મહેન્દ્રભાઈ પીઠિયા ઉપસ્થિત રહ્યાં હતાં.

# વિદ્યાર્થીઓની સલામતી માટે મોબાઈલ જરૂરી: હાઈકોર્ટ

## વિદ્યાર્થીઓ પર સ્માર્ટફોન પ્રતિબંધ ઈચ્છનીય કે વ્યવહારૂ નથીઃ આ પ્રકારના પ્રતિબંધનો પુરો અમલ પણ શકય નથી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

વિદ્યાર્થીઓને સ્માર્ટફોનના ઉપયોગ અંગે સતત સર્જાઈ રહેલા એક બાદ એક મુદાઓ તથા શાળાઓમાં સ્માર્ટ ફોનના ઉપયોગ પર પ્રતિબંધ મુકવાની ગુજરાત સરકારની તૈયારી વચ્ચે દિલ્હી હાઈકોર્ટે આ પ્રકારના પુર્ણ પ્રતિબંધ ઈચ્છનીય નહી હોવાનું અને વ્યવહારુ પણ નહી હોવાનું જણાવ્યું હતું.

દિલ્હી હાઈકોર્ટે તેના આ પ્રકારના પ્રથમ ચૂકાદામાં શાળાઓમાં વિદ્યાર્થીઓ દ્વારા મોબાઈલના ઉપયોગ માટે કોઈ નિયમો બનાવવા માટે શાળામાંથી સરકાર માટે માર્ગરેખા નિશ્ચિત કરી હતી.

દિલ્હી હાઈકોર્ટના ન્યાયમૂર્તિ અનુપ જે ભંભાણીએ જણાવ્યું હતું કે, આજના સમયમાં વિદ્યાર્થીઓ શાળામાં મોબાઈલ લઈને જાય તે તેની સલામતી માટે જરૂરી છે પણ તે મનોરંજનનું સાધન બની રહેવું જોઈએ નહી અને તેની માર્ગરેખા એ શાળાઓમાં વિદ્યાર્થીઓને મોબાઈલ લઈ જવા પર પૂર્ણ પ્રતિબંધથી થોડું ઓછું બની રહેશે.

હાઈકોર્ટે જણાવ્યું કે, ફોન એ શિસ્ત અને શિક્ષણ વચ્ચે વિઘ્ન બની જવું જોઈએ નહી અને શાળાઓએ વિદ્યાર્થીઓને ઓનલાઈન વર્તન, પોષ્ટ અને સાયબર બુલીંગ અંગે પણ શિક્ષણ આપવું જોઈએ.

એક સુનાવણી સમયે જો કે કેન્દ્રીય વિદ્યાલયે જ હાઈકોર્ટને આ અંગે કોઈ માર્ગરેખા આપવા માટે વિનંતી કરી હતી. હાઈકોર્ટે એ સ્વીકાર્યુ કે, વિદ્યાર્થીઓ દ્વારા સ્માર્ટફોનના ગેરઉપયોગથી શાળાઓમાં અનેક સમસ્યા પેદા થાય છે તે નિશ્ચિત છે પણ તે અનેક રીતે મહત્વનો પણ છે અને ખાસ કરીને માતા-પિતા અને તેના સંતાનો વચ્ચે સંપર્કનો સેતુ છે અને વિદ્યાર્થીને તે સલામતનો અહેસાસ પુરો પાડે છે.

અગાઉ કરતા પણ ટેકનોલોજી હવે મહત્વપૂર્ણ બની છે અને શિક્ષણમાં પણ તે ઉપયોગી છે અને તેથી માર્ગદર્શક સિદ્ધાંતોએ સંતુલીત હોવા જોઈએ પણ નીતિગત રીતે શાળાઓમાં વિદ્યાર્થીઓને મોબાઈલ




લઈ જવા પર પ્રતિબંધ મુકી શકાય નહી પણ તેને નિયંત્રીત થવા જોઈએ.

શાળાઓમાં વિદ્યાર્થીઓના મોબાઈલ સલામત સ્થળે મુકવાની વ્યવસ્થા અને તે શાળા છોડે તે સમયે સાથે લઈ જઈ શકે તે વ્યવસ્થા ગોઠવી શકાય. કલાસરૂમમાં મોબાઈલ લઈ જવા દેવા જોઈએ નહી તથા માતાપિતા શાળાએ આ મોબાઈલના સલામત ઉપયોગ અંગે વિદ્યાર્થીઓને સમજ આપવી જોઈએ અને જરૂર પડે તેના શિક્ષણમાં મોબાઈલનો ઉપયોગ થઈ શકે છે. વિદ્યાર્થીઓની સલામતી માટે તે જરૂરી છે.

# ગુજરાત સહીત ત્રણ માર્ગો ડ્રગ્સ તસ્કરી માટે સ્વર્ગ સમાન હોવાનો ઘટસ્ફોટ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ગુજરાતમાં છેલ્લા વર્ષોથી કેફી પદાર્થો ડ્રગ્સ પકડાવાનો સિલસિલો છે. ત્યારે સુરક્ષા એજન્સીઓએ એક રીપોર્ટ તૈયાર કરીને ગુજરાત સહીત ત્રણ માર્ગો ડ્રગ્સ તસ્કરી માટે સ્વર્ગ સમાન હોવાનું જાહેર કર્યું છે.

સુરક્ષા એજન્સીઓનાં રીપોર્ટ મુજબ ડ્રગ્સ માફીયાઓ કેફી પદાર્થો ઘુસાડવા માટે સમુદ્ર તથા જમીન માર્ગોનો ઉપયોગ કરી રહ્યા છે. તેઓ દ્વારા ડ્રગ્સની દાણચોરી માટે અપનાવાતા રૂટ તથા મોડસ ઓપરેન્ડીનો ખુલાસો કરવામાં આવ્યો છે. ભારતીય સુરક્ષા ઉપરાંત ગુપ્તચર એજન્સીઓએ ઈન્ટરપોલ મારફત અન્ય દેશોની સુરક્ષા એજન્સીઓની મદદથી આ અભ્યાસ



રીપોર્ટ તૈયાર કર્યો છે. ભારતમાં ડ્રગ્સની ખેપ સૌ પ્રથમ પહોંચે છે તેને નગોલ્ડન ક્રિસેંટથ તરીકે ઓળખવામાં આવ્યો છે.ગુપ્ત માર્ગે ઈરાન, અફઘાનીસ્તાન, પાકિસ્તાન થઈને પંજાબ માર્ગે ભારતમાં ખેપ પહોંચાડાતી હતી. પંજાબ બોર્ડરે વધારાતા રાજસ્થાન માર્ગેથી પંજાબના રસ્તો તૈયાર કરાયો હતો. રીપોર્ટમાં ડ્રગ્સ તસ્કરી માટે ત્રણ રૂટની ઓળખ કરવામાં આવી છે. પ્રથમ રૂટ ઈરાનથી અરબી સમુદ્રનાં માર્ગે પાકિસ્તાન થઈને લક્ષદ્વિપનો છે બીજો રૂટ સમુદ્ર માર્ગે કેરળ, કર્ણાટક, ગોવા તથા મહારાષ્ટ્રમાં ઘુસાડવાનો છે.

પાકિસ્તાન ઈરાનથી સીધી ગુજરાતમાં જ પહોંચાડાય છે.આ માટે ડ્રગ્સ માફીયાઓએ પોતાના નેટવર્કમાં સ્લીપર સેલ જેવા એજન્ટો ગોઠવ્યા છે. દરીયાઈ જહાજ, હોડી તથા કન્ટેનરમાં કાયદેસરના સામાનની સાથોસાથ ડ્રગ્સ પણ ઘુસાડવામાં આવે છે. છેલ્લા સાત વર્ષમાં ડ્રગ્સના કેસોમાં અસામાન્ય વધારો થયો છે. વર્ષો વર્ષ તેના કેસ વધી રહ્યા છે. ૨૦૧૭ માં ૩૭૬ કેસોમાં ૫૧૨ લોકોની ધરપકડ થઈ હતી. ૨૦૨૩ માં ૧૩૨૫ કેસ નોંધાયા હતા અને ૧૭૩૬ લોકોની ધરપકડ થઈ હતી.

# સપ્તાહના પ્રથમ દિવસે જ શેરબજારમાં કડાકાનો દોર જારી

## સેન્સેક્સ ૭૩૦૦૦ની નીચેઃ નિફટી ૨૨૦૦૦ની નજીક

મુખ્ય સમાચાર, મુંબઈ

શેરબજારને મંદીમાંથી છુટકારો ન હોય તેમ આજે નવા સપ્તાહના પ્રથમ દિવસે કડાકાનો દોર જારી રહ્યો હતો. સેન્સેકસ ૭૩૦૦૦ની નીચે ઉતરી ગયો હતો અને નિફટી ૨૨૦૦૦ની નજીક આવી ગયો હતો.

શેરબજારમાં આજે શરૂઆત પોઝીટીવ ટોને થઈ હતી. ભારતના જીડીપી આંકડા પોઝીટીવ આવતા, જીએસટી આવકમાં વધારો, અર્થતંત્ર ચાર ટ્રીલીયન ડોલરને આંબી જવાના સંકેત સહિતના કારણોથી ઉઘડતામાં માર્કેટ ગ્રીનઝોનમાં હતું. પરંતુ દરેક ઉછાળે વેચવાલીનો મારો આવી જતો હોય તેમ થોડા સમયમાં જ માર્કેટ મંદીમાં ધસી પડયુ હતુ.

વિદેશી માર્કેટનો ટ્રેન્ડ મીશ્ર હોવાથી સાવચેતી હતી. અમેરિકી ટેરિફવોરના ભણકારા તથા વિદેશી નાણાં સંસ્થાઓની વેચવાલી જેવા કારણોનો ખચકાટ હતો. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે ટેરિફવોર સહિતના મામલે ચિત્ર સ્પષ્ટ થતા સુધી અનિશ્ચિતતાનો માહોલ યથાવત રહી શકે છે.

શેરબજારમાં આજે પણ રોકડાના શેરોમાં દબાણ વધુ હતું. ટાટા સ્ટીલ, ઝોમેટો, અદાણી પોર્ટ, એકસીસ બેંક, બજાજ ફાઈનાન્સ, એચડીએફસી બેંક, નેસલે, રીલાયન્સ, સ્ટેટ બેંક, ઈન્ડુસઈન્ડ બેંક, જીયો ફાઈનાન્સ, કોટક બેંક જેવા શેરોમાં ગાબડા હતા. ટાઈટન, અલ્ટ્રાટેક સિમેન્ટ, ભારતી એરટેલ, લાર્સન, મહીન્દ્ર, ગ્રાસીમ, વીપ્રો, એપોલો હોસ્પીટલ જેવા શેરો મજબૂત



હતા.

મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ૧૯૮ પોઈન્ટના ગાબડાથી ૭૨૯૯૯ હતો તે ઉંચામાં ૭૩૬૪૯ તથા નીચામાં ૭૨૭૯૭ હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નિફટી ૪૫ પોઈન્ટ ગગડીને ૨૨૦૭૮ હતો તે ઉંચામાં ૨૨૨૬૧ તથા નીચામાં ૨૨૦૧૨ હતો.

વૈશ્વિક સ્તરે અનિશ્ચિતતાઓના વાદળો વચ્ચે ભારતીય શેરબજાર વોલેટાઈલ બન્યા છે. ફેબ્રુઆરીમાં મોટો કડાકો નોંધાયા બાદ માર્ચની શરૂઆત પોઝિટિવ નોટ સાથે કરી હતી. જો કે, થોડી જ ક્ષણોમાં માર્કેટ કડડભૂસ થયા હતાં. રોકાણકારોને વધુ ૩ લાખ કરોડનું નુકસાન થયુ હતું.

# ભારત ભુતાનમાં પ્રથમ રેલવે નેટવર્ક સ્થાપિત કરશે, ૩૫૦૦ કરોડનું રોકાણ કરવાની તૈયારી

**મુખ્ય સમાચાર,નવી દિલ્હી**

ભારત અને ભુતાન બંને દેશોને રેલ નેટવર્કથી જોડવાની વાતો ૨૦૧૮થી થઈ રહી છે.તેને હવે સત્તાવાર રીતે મંજૂરી મળી છે. આ માટે બંને દેશોએ કરાર પર હસ્તાક્ષર કર્યા છે. જેમાં ૬ સ્ટેશન રેલવે નેટવર્કથી જોડવામાં આવશે. આ રેલવે નેટવર્કથી ચીનને ઝટકો વાગશે.

ભારતીય રેલવે અસમના કોકરાઝરથી ભુતાનના ગેલેફૂ સુધી રેલવે લાશન પાથરવા જઈ રહી છે. ૬૯.૪ કિમીની પ્રસ્તાવિત રેલ લાશન માટે ભારત રૂ. ૩૫૦૦ કરોડનું રોકાણ કરવાની યોજના ધરાવે છે. આ રેલવે લાઈન કોકરાઝાર સ્ટેશનને ભુતાનના ગેલેફૂ સાથે જોડશે.

નોર્થઈસ્ટ ફ્રન્ટિઅર રેલવે હેડક્વાર્ટર્સના ચીફ પબ્લિક રિલેશન ઑફિસર કપિંજલ કિશોર શર્માએ જણાવ્યું હતું કે, ૫આ પ્રોજેક્ટમાં ભુતાનના બાલાજન, ગરૂભાસા, રૂનીખાતા, શાંતિપુર, દાદગીરી, અને ગેલેફૂ સહિતના છ સ્ટેશન સમાવિષ્ટ છે. તદુપરાંત ૧૧ મીટર લંબાઈના બે વાયડક્ટ, ૩૯ રોડ અંડર બ્રિજ, એક રોડ ઓવર બ્રિજ, ૬૫ નાના બ્રિજ, ૨૯ મેઈન બ્રિજ, અને બે મહત્ત્વના બ્રિજ પણ તૈયાર કરવામાં આવશે. આ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટનો ફાઈનલ લોકેશન સર્વે સફળતાપૂર્વક પૂર્ણ થયો છે.

બંને દેશો વચ્ચે રેલવે નેટવર્ક સ્થાપિત કરાતાં પ્રવાસ અને વેપાર સંબંધો વધુ ગાઢ બનશે. પ્રવાસીઓ સરળતાથી સસ્તા દરે ભુતાનની



મુલાકાત લઈ શકશે. રેલવે લિંકનું નિર્માણ ભારત સરકાર તરફથી કરવામાં આવશે. બંને દેશો વચ્ચે કનેક્ટિવિટીમાં સુધારો થતાં આસામનું બોડોલેન્ડ ટ્રાન્સિટ અને ટ્રેડ હબ તરીકે ઉભરી આવશે. નોર્થ-ઈસ્ટના સ્થાનિક બિઝનેસ અને સમુદાયોને ભુતાનમાં વેપાર સંબંધો સ્થાપિત કરવાની તક મળશે. ઉલ્લેખનીય છે, વર્ષ ૨૦૧૮થી ભારત પોતાના રેલવે નેટવર્કને ભુતાન સાથે જોડવા માગે છે.

# લાલપરી પાસે મફતીયાપરામાં બુટલેગર પુત્રએ સગીરા પર દુષ્કર્મ ગુજારી તેની બહેન સાથે અડપલાં કર્યા

## એક્ટિવા શીખવાડવાના બહાને મકાન માલિકનો પુત્ર લઈ ગયા બાદ ૧૧ વર્ષની બાળકી સાથે અડપલા કર્યા અને ૧૪ વર્ષની સગીરા પર બે વખત દુષ્કર્મ આચર્યુ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મૂળ જૂનાગઢ પંથકની મહિલા પતિ સાથે છૂટાછેડા થઈ ગયા બાદ તેના ત્રણ સંતાનોને લઈ છ માસ પૂર્વે રાજકોટ આવી હતી અને લાલપરી પાસેના મફતીયાપરામાં ભાડાની ઓરડી રાખી પારકા કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતી હતી. ત્યારે ગત રાત્રિના મકાન માલિકનો પુત્ર ૧૧ વર્ષની પુત્રીને એક્ટિવા શીખવાડવા બહાર લઈ ગયા બાદ અંધારા જેવા સ્થળે તેની સાથે બિભત્સ અડપલા કર્યા હતાં, બાદમાં આ વાત કોઈને ન કરવા ધમકાવી હતી, છતાં બાળકીએ માતાને સમગ્ર હકીકત વર્ણવી હતી ત્યારે ત્યાં હાજર તેની ૧૪ વર્ષની પુત્રીએ પણ રડતા અવાજે મકાન માલિકના પુત્રએ તેના પર બે વખત દુષ્કર્મ આચર્યુ હોવાનું જણાવતા માતાના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. હાલ આ મામલે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

જાણવા મળતી વિગત મુજબ લાલપરી વિસ્તારના મફતીયાપરામાં રહેતી અને બે પુત્રીઓ હવસનો શિકાર બની હોય તે અંગે ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, ગત તા. ૨૭ ફેબ્રુઆરીના રોજ હું મારા પરિવાર સાથે અમારા ઘરે હતી. તે દરમિયાન સવારના આશરે ૧૧ વાગ્યાના અરસામા મારી નાની દીકરી (ઉ.વ.૧૧) ગુમસુમ અને ગભરાયેલી જણાતા મેં તેને પૂછ્યું કે પતું કેમ ચુપચુપ છે? તને શું થયુ છે?થ તેવું પૂછતા તે રડવા લાગી અને મને જણાવ્યું કે, આપણા મકાન માલિક લીલાબેન મકવાણાનો દીકરો રાજેશ મને ગઈકાલ તા. ૨૬ ફેબ્રુઆરીના રોજ રાત્રિના ૯ વાગ્યે એક્ટીવા શીખવવાના બહાને લઈ ગયો હતો. ત્યારે સુલભશૌચાલય પાસે રોડ પર અંધારામાં આ રાજેશે અડપલા કર્યા હતા. રાજેશે મને ધમકી આપી કે, તું જો આ વાત કોઈને કરીશ તો તારી મમ્મીને હું જાનથી મારી નાખી તેવી ધમકી આપી હતી. જેથી મેં આ બનાવ બાબતે તમને વાત કરી ન હતી. આ વાત મારી નાની દીકરીએ મને કરી હતી.

તે વખતે ત્યાં હાજર મારી મોટી દીકરી (ઉ.વ.૧૪) એ મને જણાવ્યું કે, મમ્મી આજથી આશરે સવા મહિના પહેલાં હું બપોરના આશરે ૨ વાગ્યાના અરસામાં ઘરે એકલી હતી, ત્યારે આ રાજેશ મકવાણાએ ઘરમાં આવી મારી મરજી વિરૂધ્ધ મારી સાથે શરીર સબંધ બાંધ્યો હતો અને તે વખતે તેણે મને પણ તને મારી નાખશે તેવી ધમકી આપી હતી. જેથી મેં પણ આ બનાવ બાબતે તને વાત કરી ન હતી. અને ત્યાર બાદ ફરીથી ૧૫ દિવસ પહેલાં પણ હું સાંજના ૪ વાગ્યે ઘરે એકલી હતી ત્યારે આ રાજેશ આપણા ઘરે આવ્યો હતો અને મારી મરજી વિરૂદ્ધ મારી સાથે શરીર સંબંધ બાંધ્યો હતો. મે ડરના કારણે આ બાબતે કોઈને વાત કરેલ ન હતી. જેથી હું ગભરાઈ જતા



મારી બંન્ને દિકરીઓ તેમજ દિકરા સાથે મારી બહેનપણી કે જે આટકોટ ખાતે રહેતી હોય તેના ઘરે જતી રહેલ હતી. અને મે મારી બહેનપણીને આ બનાવ બાબતે વાત કરી હતી તેમજ મે મારા સગાભાઈ જે જૂનાગઢ ખાતે રહે છે તેને મે આ બનાવ બાબતે ફોનથી જાણ કરેલ હતી. જે બાદ મારા ભાઈએ મને પોલીસ ફરીયાદ કરવા હિમ્મત આપતા તેની સાથે આ બનાવ બાબતે પોલીસ ફરીયાદ કરી છે.

# જામનગરના પીએસઆઈ વયમર્યાદાના કારણે નિવૃત્તઃ આઈજી-એસપીએ આપી શુભેચ્છા




જામનગરના પોલીસતંત્રમાં ફરજ બજાવતા પીએસઆઈ જે.એસ. ડેલા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન. વયમર્યાદાના કારણે નિવૃત્ત થતાં તેઓને આઈજી અશોક યાદવ તથા એસપી પ્રેમસુખ ડેલુ દ્વારા પ્રમાણપત્ર તથા મોમેન્ટો અર્પણ કરાયા હતા

# મોરબીના પીપળી ગામે માટીની આડમાં રાજસ્થાનથી આવેલ ટ્રકમાં વિદેશી દારૂ-બિયરના ૫.૧૪ લાખના જથ્થા સાથે એક પકડાયો

## વિદેશી દારૂની નાની મોટી ૮૨૮ બોટલ,૩૧૨ બિયરના ટીન, ટ્રક, મોબાઈલ સહિત રૂ.૧૫.૨૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરતી તાલુકા પોલીસ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી તાલુકા પોલીસ ટીમને મળેલ બાતમીને આધારે પીપળી ગામની માનસરોવર સોસાયટી પાસેથી માટીની બોરીની આડમાં ઈગ્લીશ દારૂ-બિયરના જંગી જથ્થાની હેરાફેરી કરી રહેલ ટ્રેલરમાંથી દારૂની ૮૨૮ નંગ બોટલ અને બિયરના ૩૧૨ ટીન જેની કુલ કિ.રૂ.૫.૧૪ લાખના જથ્થા સાથે ટ્રક-ચાલકની ધરપકડ કરવામાં આવી છે.




પ્રાપ્ત વિગતો મુજબ મોરબી તાલુકા પોલીસ મથકના પીઆઈ એસ.કે.ચારેલની રાહબરી હેઠળ કોન્સ.કેતનભાઈ અજાણા તથા સિધ્ધરાજભાઈ કાનજીભાઈ લોખીલને સંયુકતમાં મળેલ બાતમીને આધારે તાલુકાના પીપળી ગામની સીમમાં અંબીકા કારખાના પાસે આવેલ માનસરોવર સોસાયટી નજીક કાચા રોડ ઉપર પડેલ ટ્રેલર નં. આરજે-૦૯-જીસી-૩૧૪૧ માં ભરેલ માટીની બોરીની આડમાં છુપાવેલ ભારતીય બનાવટની અલગ અલગ બ્રાન્ડની ઈગ્લીશ દારૂની નાની મોટી બોટલ નંગ-૮૨૮ તથા બીયર ટીન નંગ-૩૧૨ જેની કિ.રૂ.૫,૧૪,૦૯૨/- ના જંગી જથ્થા સાથે ટ્રક-ટ્રેઈલર ચાલક આરોપી શ્રવણસિંગ કીશનસિંગ રાવત રહે.અકીગઢ તા.ભીમ જી.બ્યાવર(રાજસ્થાન)ની અટક કરવામાં આવી હતી. આ સાથે તાલુકા પોલીસે ઈગ્લીશ દારૂની હેરાફેરી કરવા ઉપયોગમાં લીધેલ ટ્રક-ટ્રેલર કિ.રૂ.૧૦ લાખ, બે મોબાઈલ કિ.રૂ.રૂ ૧૦ હજાર એમ કુલ રૂ.૧૫,૨૪,૦૯૨/- નો મુદ્દામાલ કબ્જે કરી પકડાયેલ ઈસમ વિરૂદ્ધ પ્રોહીબીશન એકટ હેઠળ ગુન્હો નોંધી આગળની વધુ તપાસની તજવીજ હાથ ધરી છે.

# ગીરગઢડાના તુલસીશ્યામ મુકામે સી.સી. રોડનાં કામનું ખાતમુહૂર્ત કરતા ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ



**મુખ્ય સમાચાર અહેવાલ ઉના અબ્દુલ પઠાણ**

ઉના અને ગીરગઢડા તાલુકાના વિકાસ માટે સતત પ્રયત્નશીલ ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ એ આજરોજ રૂ.૩.૩૪ કરોડના ખર્ચે તૈયાત થનાર તુલસીશ્યામ થી જશાધાર જતા સી.સી.રોડનું ખાતમુહૂર્ત તેમજ રૂ.૨.૯૯ કરોડના ખર્ચે તૈયાર થનાર ધોકડવા થી ગીતા આશ્રમ સુધી સી.સી.રોડનાકામનું ખાતમુહૂર્ત ધારાસભ્યશ્રી કાળુભાઈ રાઠોડ ના વરદ હસ્તે કરવામા આવ્યું. ત્યારબાદ ઉનાના માનનીય ધારાસભ્યશ્રી કાળુભાઈ રાઠોડ એ ભગવાન શ્યામસુંદર ના દર્શન કરી. ઉના અને ગીરગઢડા તાલુકા ની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.. અને ટ્રસ્ટીશ્રી સાથે બેઠક કરી અને આગામી સમય માં તુલશીશ્યામ મંદિર અને આજુબાજુના સમગ્ર નેશ વિસ્તાર નો વિકાસ થાય તે બાબતે ચર્ચા વિચારણા કરી હતી. આ તકે જીલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેનશ્રી ડાયાભાઈ જાલોન્ધરા, તાલુકા ભાજપ પ્રમુખશ્રી ધર્મેશભાઈ રાખોલીયા, તુલસીશ્યામ મંદિરના ટ્રસ્ટીશ્રી ડો.વરુસાહેબ, તાલુકા પંચાયતના ઉપપ્રમુખના પ્રતિનિધિશ્રી ભીખાભાઈ કીડેચા, જવાહરભાઈ ગાંધી, તખતસિંહ ચુડાસમા અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જોડિયા પાસેથી મીની ટ્રકમાંથી ૧,૨૦૪ બોટલ દારૂ પકડાયો

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર જિલ્લાના જોડિયા પાસે ખારાવાડ તરીકે ઓળખાતી અવાવરૂ જગ્યામાંથી પોલીસે મીની ટ્રકમાંથી ૧૨૦૪ બોટલ દારૂ સાથે રૂા. ૫.૮૭ લાખ ઉપરાંતનો કબજે કરી મોરબીના ખાનપુર ગામના એક શખસની અટક કરી છે જયારે રાજકોટના એક શખસને ફરાર જાહેર કરી તેની શોધખોળ હાથ ધરી છે.જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના પીઠડ ગામના ખારાવાડ તરીકે ઓળખાતી અવાવરૂ જગ્યામાં બાવળની ઝાડીમાં એક મીની ટ્રક શંકાસ્પદ હાલતમાં પડયો હોવાની બાતમી પોલીસને મળતા તેમણે ત્યાં દરોડો પાડી ટ્રક નં. જીજે-૩બીડબલ્યુ-૬૮૨૭ માંથી ૧૨૦૪ બોટલ ઈગ્લીશ દારૂ નાની-મોટી મળી આવતા ટ્રકમાંર રહેલા



યશપાલસિંહ ધનુભા જાડેજા (રે. ખાનપર, મોરબી)ને અટક કરવામાં આવ્યો હતો. પોલીસે રૂા. ૨,૮૨,૪૦૦નો દારૂ, મોબાઈલ ફોન તથા ટ્રક મળી રૂા. ૫,૮૭,૪૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ દારૂમાં રાજકોટ જંગલેશ્વરના સલીમ શેખનું નામ ખુલતા પોલીસે તેને ફરાર જાહેર કરી તેની શોધખોળ હાથ ધરી છે. અન્ય કોઈ સંડોવાયેલો છે કે કેમ તેની તપાસ ચાલુ છે.

# મોરબીમાં ગૌમાતા માટે જોખમી બનેલી ભૂગર્ભ ગટરઃ પાલિકાની બેદરકારી ઉપર અનેક સવાલો

## અવારનવાર ગૌવંશ અને ગાય માતા ભૂગર્ભ ગટરમાં પડવા છતાં પાલિકા નિષ્ક્રિયઃ તાત્કાલિક નિરાકરણ નહીં આવે તો હિન્દુ સંગઠનો ઉગ્ર આંદોલન કરશે

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી શહેરના લગધીરવાસ ગેટ નજીક અવારનવાર ગૌવંશ અને ગાય માતા ખુલ્લી ભૂગર્ભ ગટરમાં પડી જાય છે. આજે સાંજે પણ ગૌમાતા એક ખુલ્લી ગટરમાં પડી જતાં તાત્કાલિક ગૌશાળા અને નગરપાલિકાને જાણ કરી, જેના પગલે ઉંઈઇ દ્વારા ગૌમાતાને બહાર કાઢવામાં આવી. મહાનગરપાલિકાની બેદરકારીને લઈને લોકોમાં રોષ છે, અને હિન્દુ સંગઠનોએ આ મુદ્દે ઉગ્ર વિરોધ પ્રદર્શનની ચેતવણી આપી છે. મોરબી શહેરમાં લગધીરવાસ ગેટ પાસે ગૌવંશ માટે જીવલેણ પરિસ્થિતિ સર્જાઈ છે. ત્યાં ઉકેડા, ઢગલાઓ અને ખુલ્લા ભૂગર્ભ ગટરના ઢાંકણાં ગાય માતા અને ગૌવંશ માટે ગંભીર જોખમ ઊભું કરે છે. છેલ્લા કેટલાય સમયથી ત્યાં અવારનવાર ગૌવંશ પડવાના બનાવો બન્યા છે, છતાં પણ મહાનગરપાલિકા દ્વારા કોઈ નક્કર પગલાં લેવાયા નથી. આજે સાંજે ફરી એક વખત ગૌમાતા એક ખાલી ગટરમાં પડી ગઈ હતી. ત્યારે તાત્કાલિક યદુનંદન ગૌશાળા અને નગરપાલિકાને જાણ કરવામાં આવી હતી. જેથી ઉંઈઇ બોલાવી ગૌમાતાને બહાર કાઢવામાં આવી હતી. ત્યારે હાલ સવાલ એ છે કે આ સમસ્યાનું કાયમી ઉકેલ કેમ કરવામાં આવતો નથી? કદાચ કોઈ બાળક કે સામાન્ય નાગરિક સાથે આવી દુર્ઘટના બનશે તો તેનું જવાબદાર કોણ? આ સમસ્યા માટે સ્થાનિક રહેવાસીઓ અને વેપારીઓ દ્વારા અનેક વખત લેખિત અને મૌખિક રજૂઆતો કરી ચૂક્યા છે. તેમ છતાં, મહાનગરપાલિકા કોઈ જ જવાબદારી લેતી નથી. લોકોમાં રોષ વ્યાપી રહ્યો છે કે આટલા મોટા ઉકેડા અને કચરાના કારણે ન માત્ર ગૌવંશ, પણ નાગરિકોના



આરોગ્ય માટે પણ ગંભીર જોખમ ઉભું થયું છે. મોરબીના સર્વ હિન્દુ સંગઠન, વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળે આ મુદ્દે તાત્કાલિક નક્કર નિર્ણય લેવાની માંગણી કરી છે. જો મ્યુનિસિપલ કોર્પોરેશન ખાલી ભૂગર્ભ ગટરને ઢાંકી અને ગૌવંશ માટે સુરક્ષાની વ્યવસ્થા નહીં કરે, તો આગામી દિવસોમાં ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવશે તેમ યાદીમાં જણાવ્યું છે.

# જામનગરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કારમાંથી લોકોનું અભિવાદન ઝીલ્યું

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું જામનગર એરફોર્સ સ્ટેશન ખાતે આગમન થતાં મહાનુભાવો દ્વારા તેમનું ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. વડાપ્રધાનના સ્વાગતમાં મંત્રી રાઘવજીભાઈ પટેલ તથા મુળુભાઈ બેરા, સાંસદ પૂનમબેન માડમ, જિલ્લા પંચાયતના પ્રમુખ મેયબેન ગરસર, જામનગરના મેયર વિનોદભાઈ ખીમસૂરિયા, ધારાસભ્યોસર્વ મેઘજીભાઈ ચાવડા, રિવાબા જાડેજા, દિવ્યેશભાઈ અકબરી, ચીફ સેક્રેટરી પંકજ જોશી, ડી.જી.પી. વિકાસ સહાય, એરફોર્સના ગ્રુપ કેપ્ટન સૌરભ પારિજાત, કલેકટર કેતન ઠક્કર, જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ, અગ્રણીઓ રમેશભાઇ મુંગરા અને ડો.વિમલભાઇ કગથરા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી લાલ બંગલા સ્થિત સર્કિટ હાઉસ ખાતે રાત્રિ રોકાણ કરયુ. વનતારાની મુલાકાત લીધી.



# હળવદના ગોલસણ ગામે વાડીમાંથી ૪,૬૦૦ લીટર ઠંડો આથો ઝડપાયો

■ દેશી દારૂ ગાળવાની બંધ ભઠ્ઠી ઝડપી લેતી એલસીબી પોલીસ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી એલસીબી પોલીસ ટીમે હળવદ તાલુકાના ગોલસણ ગામે પૂર્વ બાતમીને આધારે રેઈડ કરતા વાડીમાં બંધ હાલતમાં દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ઝડપી લેવામાં આવી હતી, જેમાં આરોપીએ પોતાની વાડીમાં દેશી દારૂ છુપાવવા અલગ અલગ ખાડાઓ કર્યા હોય અને તેમાં ટાંકીઓમાં ૪,૬૦૦ લીટર દેશી દારૂ બનાવવાનો ઠંડો આથો રાખ્યો હોય, રેઈડ દરમિયાન આરોપી હાજર મળી ન આવતા તેને ફરાર દર્શાવી તમામ મુદ્દામાલ



કબ્જે લેવામાં આવ્યો હતો.

મળતી વિગતો અનુસાર, હળવદ તાલુકાના ગોલસણ ગામે ટાવર વાળા રસ્તે આવેલ મનુભાઈ ખાંભળીયા પોતાની વાડીમાં દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ચલાવે છે તેવી પૂર્વ બાતમીને આધારે મોરબી એલસીબી ટીમ દ્વારા ઉપરોક્ત વાડીમાં રેઈડ કરવામાં આવી હતી.

રેઈડ દરમિયાન વાડીની ઓરડીમાં દેશી દારૂ ગળવાની ભઠ્ઠીના સાધન સામગ્રી મળી આવ્યા હતા, જે ભઠ્ઠી બંધ હાલતમાં હોય, ત્યારે વાડીના શેઢે છુપા અલગ અલગ ૧૧ જેટલા ખાડા કરી તેમાં ૨૦૦ લીટરની ક્ષમતાની ટાંકીઓ રાખવામાં આવી હતી, ત્યારે તે તમામ ટાંકીઓમાં ચેક કરતા તેમાંથી ૪,૬૦૦ લીટર દેશી દારૂ બનાવવા ઉપયોગમાં લેવાતો ઠંડો આથો મળી આવ્યો હતો, જેની કુલ કિ.રૂ.૧.૧૫ લાખ હોય, ત્યારે એલસીબી પોલીસ દ્વારા તમામ મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો હતો, આ સાથે વાડી માલીક આરોપી મનુભાઈ સજુભાઈ ખાંભળીયા રેઈડ દરમિયાન હાજર નહિ મળી આવતા તેને ફરાર દર્શાવી તેની વિરુદ્ધ હળવદ પોલીસ મથકમાં ગુનો દાખલ કરી ફરાર આરોપીને પકડી લેવા તજવીજ હાથ ધરી છે.

# માળીયા(મી)માં બોલેરોમાં અમદાવાદ કતલખાને લઈ જવાતા ત્રણ અબોલ જીવને છોડાવતા ગૌરક્ષક

■ કચ્છથી અમદાવાદ કતલખાને લઈ જવાતી બે ભેંસ અને એક પાડાને ગૌરક્ષક ટીમે બચાવી બોલેરો ચાલકને પોલીસને સોંપ્યો

**મુખ્ય સમાચાર,મોરબી**

માળીયા(મી) ની ભીમસર ચોકડી પાસે ગૌરક્ષક ટીમે એક બોલેરો ગાડી રોકી, જેમાં કચ્છથી અમદાવાદ કતલખાને લઈ જવાતી બે ભેંસ અને એક પાડાને અત્યંત ક્રૂરતાપૂર્વક બાંધી ગેરકાયદેસર હેરાફેરી કરવામાં આવતી હતી. ગૌરક્ષકોએ આરોપી બોલેરો ચાલકને પકડી માળીયા(મી) પોલીસ મથકે સોંપ્યો હતો, ત્યારે પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

માળીયા(મી) તાલુકાના



ભીમસર ચોકડી પાસે મોરબી ગૌરક્ષક ટીમે પૂર્વ બાતમીને આધારે એક બોલેરો ગાડી રજી.નં. જીજે-૧૨-બીઝેડ-૪૫૫૮ને રોકી તેની તલાસી લેતા તેમાં બે ભેંસ અને એક પાડાને અત્યંત ક્રૂરતાપૂર્વક બાંધી કચ્છથી અમદાવાદ કતલખાને લઈ જવાનું સામે આવ્યું હતું, જેથી તુરંત બોલેરો ચાલક ફારૂક સમદ જત ઉવ.૨૯ રહે. તલગાંઢ, નખત્રાણા, જી. કચ્છ વાળાને માળીયા(મી) પોલીસ મથકે લઈ જતા પોલીસે આરોપી બોલેરો ચાલકની ધરપકડ કરી, પશુ પ્રત્યે ક્રૂરતા પ્રતિબંધ અધિનિયમ હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી શરૂ કરી છે.

# વાંકાનેરમાં બે બાઈક ચોરીનો ભેદ ઉકેલાયોઃ ચોરાઉ વાહન સાથે એક શખ્સની અટકાયત

**મુખ્ય સમાચાર,મોરબી**

વાંકાનેર સીટી વિસ્તારમાંથી બે બાઈક ચોરી કરનાર ઈસમને ઝડપી લેવામાં આવ્યો છે, હાલ પોલીસે વાહન ચોર ઈસમ પાસેથી ચોરી કરેલ બંને બાઈક કબ્જે લઈ આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વાંકાનેર સીટી પોલીસ મથક પીઆઈ એચ.એ.જાડેજાની સૂચના અને માર્ગદર્શન હેઠળ સીટી પોલીસ મથક ટીમ જીનપરા જકાતનાકા નેશનલ હાઈવે ખાતે વાહન ચેકીંગની કામગીરીમાં હોય તે દરમિયાન મોરબી તરફથી એક મોટર સાયકલ પુરઝડપે આવતા તેને રોકી ચાલકને મોટર સાયકલના જરૂરી દસ્તાવેજી કાગળો બાબતે પુછપરછ કરતા, મોટર સાયકલ ચાલક પાસે ન હોય અને પોલીસને ગોળ ગોળ વાત કરતો હોય, જેથી પોલીસ




દ્વારા આગવી ઢબે સઘન પુછપરછ કરતા ઉપરોક્ત મોટર સાયકલ વાંકાનેર જયોતિ સેનેટરીમાથી ચોરી કરેલ હોવાની કબુલાત આપેલ હતી, તેમજ આ સિવાય અન્ય એક મોટસર સાયકલ વાંકાનેર સોમાણી સેનેટરીમાથી ચોરી કરેલ હોવાની કબુલાત આપતા પોલીસે આરોપી રાકેશ ઉર્ફે ગોપાલ રમેશભાઈ કામડીયા ઉવ.૨૧ રહે. હાલ મોરબી લીલાપર ચોકડી પાસે ઝુપડામા મુળ રહે.અંજાર સરકારી દવાખાના પાછળ હનુમાન ટેકરી જી-કચ્છની અટકાયત કરી તેની પાસેથી હિરો સ્પ્લેન્ડર પ્લસ રજી નં-જીજે-૦૩-એમએન-૮૫૧૮ તેમજ બીજું હિરો સ્પ્લેન્ડર મોટર સાયકલ ચેસીસ નંબર ઈકઈઅ૮૧૨૦ડ૫અ૫૭૦૫૭ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

# રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ભ્રષ્ટાચાર કૌભાંડ બાબતે કોંગ્રેસનો હલ્લાબોલ




(તસ્વીર: આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ચાલતા ભ્રષ્ટાચાર કૌભાંડ બાબતે આજે શહેર કોંગ્રેસ દ્વારા સિવિલ અધ્યક્ષ અને મળી આવેદનપત્ર આપી હલાબોલ કરાયો હતો

કોંગ્રેસ આપેલા આવેદનપત્રમાં જણાવ્યું હતું કે ફાયર સેફ્ટી મેન્ટેનન્સના નામે ૨૦૧૯ થી ૨૦૨૪ સુધી કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કર્યો છે વધુમાં કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે તત્કાલીન સિવિલ સુપ્રિટેન્ડેન્ટએ સતત પાંચ વર્ષ સુધી મળતિયાને કોન્ટ્રાકટ આપી ૩.૫ કરોડનો ભ્રષ્ટાચાર આચર્યા છે

કોંગ્રેસે જણાવ્યું હતું કે આગેવાન કલ્પેશ કુંડલીયાએ કરેલી છટાઈ માં આ વાતનો ખુલાસો થયો હતો થયો હતો કોંગ્રેસ આગેવાન અશોકસિંહ વાઘેલાએ જણાવ્યું હતુ કે અમે આર ટી. આઈ માગી હતી જેમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યુંજેમાં કોઈ સાધનની પણ ખરીદી કરવામાં આવી નથી..હાલના સિવિલ સુપ્રિટેન્ડેન્ટ વિજિલન્સ તપાસ કરાવે તેવી માંગ કરી છે

સિવિલ હોસ્પિટલના સુપ્રીટેન્ડેન્ટ ડો.મોનાલી માકડીયાએ આ સંદર્ભે જણાવ્યું હતુ કે આ મામલે તપાસ કરવામાં આવશે અને તમામ કાગળો વડી કચેરી મોકલવામાં આવશે..

# આજે વિશ્વ શ્રવણ શકિતદિન: વિશ્વમાં ૧.૫ બિલિયન લોકો બહેરાશની સમસ્યાથી પીડાય છે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આજે તા. ૩ માર્ચ વિશ્વ શ્રવણ શક્તિ દિવસ એટલે આપણી મહામૂલી શ્રવણ શક્તિ ની સંભાળ રાજકોટ ના જાણીતા ઈ એન ટી સર્જન ડો હિમાંશુ ઠક્કર જણાવે છે કે કઈ રીતે બહેરાશ અટકાવી શકાય તે માટે ઠંઇંધ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વર્ષ ૨૦૨૫ માટે આ થિમ રાખવામા આવેલ છે WHO ૨૦૦૭ થી ૩ માર્ચ વિશ્વ શ્રવણ દિવસ તરીકે ઉજવાય છે



જેનો મુખ્ય હેતુ જન જાગૃતિ અભિયાન અંતર્ગત કાન અને શ્રવણ શક્તિ ની સંભાળ અને કઈ રીતે બહેરાશ અટકાવી શકાય તે હોય છે. WHO ના અંદાજ પ્રમાણે ભારત મા ૬૩ મિલિયન લોકો બહેરાશ ની સમસ્યા થી પરેશાન છે.એક અંદાજ પ્રમાણે વિશ્વ મા ૧.૫ બિલિયન લોકો બહેરાશ ની સમસ્યા થી પીડાય છે એટલે કે વિશ્વ ની આશરે ૨૦% વસ્તી ને ઓછું સાંભળવા ની સમસ્યા છે મિલિયન લોકો ૨૦૫૦ સુધીમાં બહેરાશ ની ૭૦૦ મિલિયન લોકો એટલે કે દર ૧૦ વ્યક્તિ એ એક વ્યક્તિ આ સમસ્યા થી પ્રભાવિત થઈ શકે છે.

દુનિયામાં .બહેરાશ નું મુખ્ય કારણ ધ્વનિ પ્રદૂષણ એટલે ઘોંઘાટ છે. આજના યુગ માં નાની ઉંમર પણ બહેરાશ નું પ્રમાણ ખુબજ વધી રહ્યું છે જેનું કારણ મોબાઈલ નો વધારે સમય માટે ઉપયોગ ખુબજ ઊંચા અવાજ માં મ્યુઝિક અને ગીતો સાંભળવા ટ્રાફિક અને ડી જે નો અવાજ જેને noise induced hearing loss કેવાય છે.

# ગુરૂવારથી તાપમાન વધવા લાગશે અને ક્યાંક ૪૦ ડીગ્રીને આંબી જવાની શક્યતા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ગરમી વહેલી શરૂ થઈ ગવાનો માહોલ કેટલાંક દિવસોથી હોય તેમ તાપમાન નોર્મલથી ઉંચુ જ રહે છે. આગામી બુધવાર સુધી વર્તમાન માહોલ જળવાયા બાદ તા.૬ ને ગુરૂવારથી તાપમાન વધવા લાગશે અને ક્યાંક ૪૦ ડીગ્રીને આંબી જવાની શક્યતા દર્શાવાતી આગાહી જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઈ પટેલે કરી છે.તેઓએ આજે વાતચીતમાં જણાવ્યું હતું કે, ગત આગાહીમાં સુચવ્યા મુજબ સૌરાષ્ટ્ર-ગુજરાતમાં છેલ્લા દિવસોમાં તાપમાન ૩૬ થી ૩૮ ડીગ્રીની રેન્જમાં પહોંચી ગયુ હતું અને ઉતર ભારત તથા પર્વતીય ભાગોમાં હિમવર્ષા તથા વરસાદ થયો હતો.

રાજ્યનાં મુખ્ય સેન્ટરોમાં ગઈકાલે મહતમ તાપમાન રાજકોટમાં ૩૬.૬ તથા રાજકોટમાં ૩૬.૭ ડીગ્રી હતું. તે નોર્મલ કરતા ત્રણ ડીગ્રી ઉંચુ હતું. વડોદરામાં ૩૫.૮ ડીગ્રી મહતમ તાપમાન હતું. તે નોર્મલથી બે ડીગ્રી વધુ હતું.ડીસામાં ૩૪.૪ ડીગ્રી તથા ભુજમાં ૩૩.૭ ડીગ્રી હતું તે નોર્મલ કરતાં ૧ ડીગ્રી વધુ હતું.

તેઓએ તા.૧ થી ૮ માર્ચની આગાહીમાં કહ્યું કે, હવે સૌરાષ્ટ્ર-ગુજરાતમાં નોર્મલ તાપમાનની રેન્જ ૩૨.૫ થી ૩૪ ડીગ્રીની થઈ છે.તા.૧ થી ૫ માર્ચ દરમ્યાન મહતમ તાપમાન ૩૫ થી ૩૭ ડીગ્રીની રેન્જમાં રહેવાની સંભાવના છે. અર્થાત કોઈ ખાસ વધારો નહીં રહે અને નોર્મલની નજીક કે થોડુ વધુ રહેશે. પરંતુ તા.૬ ને ગુરૂવારથી તાપમાનમાં દરરોજ એકથી દોઢ ડીગ્રીનો વધારો થવા લાગશે. તા.૬ થી ૮ દરમ્યાન તાપમાન ૩૭ થી ૩૯ ડીગ્રીની રેન્જમાં પહોંચી જશે અને ક્યાંક અમુક સેન્ટરમાં ૪૦ ડીગ્રીને



આંબી જાય કે તેની નજીક પહોંચી તેવી શકયતા નકારાતી નથી.આગાહીનાં સમયગાળામાં તા.૪ સુધી પશ્ચિમ-ઉતર પશ્ચિમ તથા ત્યારબાદ ઉતર-ઉતર પુર્વનાં પવન ફુંકાશે. તા.૩ થી ૫ માર્ચ દરમ્યાન પવનની ઝડપ ૧૫ થી ૨૫ કીમી જેવી વધુ હશે.જયારે બાકીનાં દિવસોમાં ૧૦ થી ૧૫ કીમીની નોર્મલ ઝડપ હશે તા.૪ સુધી આકાશમાં છુટાછવાયા વાદળો જોવા મળશે. તા.૫ થી આકાશ ચોખ્ખુ થઈ જશે. તા.૩ સુધી કચ્છ તથા પશ્ચિમ સૌરાષ્ટ્રનાં વિસ્તારોમાં ઝાકળની શક્યતા છે.

# રેલ્વેમંત્રીએ ગુજરાતમાં ચાલી રહેલા વિવિધ રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પરિયોજનાઓના પ્રોજેક્ટોની પ્રગતિની સમીક્ષા કરી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રેલ મંત્રી વૈષ્ણવે અમદાવાદ સ્ટેશન પહોંચીને સ્ટેશનનું નિરીક્ષણ કર્યું અને ચાલી રહેલા સ્ટેશનના પુનર્વિકાસના કાર્યો ની સમીક્ષા કરી. ત્યારબાદ, વૈષ્ણવે મીડિયાના પ્રતિનિધિઓ સાથે વાતચીત કરી. તેમણે જણાવ્યું કે આ વર્ષે ગુજરાત માટે ₹૧૭,૧૫૫ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે, જે ૨૦૦૯-૧૪ દરમિયાનના સરેરાશ વાર્ષિક ફાળવણી કરતા ૨૯ ગણા વધુ છે. ગુજરાતમાં રેલ્વે દ્વારા કુલ ₹૧,૨૭,૦૦૦ કરોડનું રોકાણ કરવામાં આવી રહ્યું છે, જેમાં બુલેટ ટ્રેન નો પણ સમાવેશ થાય છે. અમદાવાદ સ્ટેશનના પુનર્વિકાસ પ્રોજેક્ટ અંગે માહિતી આપતાં તેમણે જણાવ્યું કે કામ ઝડપથી આગળ વધી રહ્યું છે. ડિઝાઈનને ઈન્ફ્રાસ્ટ્રકચર જરૂરિયાતો અને સ્થાનિક વારસાની કિંમતો સાથે સુમેળ સાધીને સૌંદર્ય ની દ્રષ્ટિ સાથે વિકસાવવામાં આવી છે. રેલવે પાટાઓ પર કોન્કોર્સ રૂફ પ્લાઝા બનાવવામાં આવશે, જેમાં મુસાફરો માટે વેઈટિંગ એરિયા અને અન્ય સુવિધાઓ હશે. આ પ્રોજેક્ટમાં કાલુપુર આરઓબી અને સારંગપુર આરઓબીને જોડતો એલિવેટેડ રોડ બનાવવાની યોજના છે, જે હાલના રસ્તાઓ કરતા બમણો પહોળો હશે જે નેશનલ હાઈ સ્પીડ રેલ ટર્મિનલ (બુલેટ ટ્રેન), મેટ્રો અને બસ રેપિડ ટ્રાન્સપોર્ટ (ઈછ્છ) સાથે રેલ્વેને એકીકૃત કરીને વધુ સારી અને સરળ મુસાફરી પ્રદાન કરશે. જેનાથી મુસાફરી વધુ સરળ બનશે. માનનીય મંત્રીએ જણાવ્યું કે પુનર્વિકાસનું આયોજન આ રીતે કરવામાં આવ્યું છે કે મુસાફરોને ઓછી તકલીફ થાય અને ટ્રેનો રદ થવાની સંભાવના ઓછી રહે. ત્યારબાદ માનનીય રેલ મંત્રી આણંદ માટે રવાના થયા અને અમદાવાદ-આણંદ સેક્શનનું નિરીક્ષણ કર્યું. રેલ્વે મંત્રી વૈષ્ણવ આણંદ રેલ્વે સ્ટેશન પર પહોંચ્યા અને ત્યાંનું નિરીક્ષણ કર્યું. તેમણે વન સ્ટેશન વન પ્રોડક્ટ (ઓએસઓપી)સ્ટોલની પણ મુલાકાત લીધી. મીડિયાના પ્રતિનિધિઓ સાથે વાતચીત કરતાં વૈષ્ણવે જણાવ્યું કે ૨૦૧૪ પછી ગુજરાતમાં ૧૦૦૦ થી વધુ રેલ ઓવર બ્રિજ (આરઓબી) અને રેલ અંડર બ્રિજ (આરયુબી ) બનાવવામાં આવ્યા છે. તદુપરાંત, ૨૦૧૪ પછી ૩,૧૪૪ કિમી રેલ્વે લાઈનોનું વિદ્યુતીકરણ પૂર્ણ થયું છે. કવચનું કામ પણ ઝડપી ગતિએ ચાલી રહ્યું છે. ગુજરાતમાં ડેડિકેટેડ ફ્રેટ કોરિડોરનું કામ પૂર્ણ થયું છે. આનાથી વિસ્તારમાં પોર્ટ કનેક્ટિવિટી વધી ગઈ છે. તેઓએ વધુમાં ઉમેર્યું કે ગુજરાતમાં ૮૭ રેલ્વે સ્ટેશનોનું પુનર્વિકાસ નસ્રઅમૃત ભારત સ્ટેશન યોજનાસ્રસ્ર હેઠળ થઈ રહ્યું છે. ત્યારબાદ શ્રી વૈષ્ણવએ બુલેટ ટ્રેન પ્રોજેક્ટના ટ્રેક નિર્માણ બેઝ (રેલ વેલ્ડિંગ વર્ક)ની મુલાકાત લીધી અને નિરીક્ષણ કર્યું. ત્યારબાદ, તેમણે આણંદ હાઈ સ્પીડ રેલ (એચએસઆર) સ્ટેશન પર ચાલી રહેલા કાર્યનું નિરીક્ષણ કર્યું. વૈષ્ણવે






મજૂરો સાથે વાતચીત કરી અને રાષ્ટ્ર નિર્માણ માટે તેમના યોગદાનની પ્રશંસા કરી, તેમજ તેમની સાથે સેલ્ફી પણ લીધી.

રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવ સાથે સંબંધિત મતવિસ્તારના માનનીય સાંસદો, ધારાસભ્યો અને લોકપ્રતિનિધિઓ પણ હાજર રહ્યા. આ પ્રસંગે પશ્ચિમ રેલ્વે, એનએચએસઆરસીએલ અને અન્ય રેલ્વે વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા.

# સામા કાંઠે કારમાં ચોરખાનું બનાવી વિદેશી દારૂનો જથ્થો લાવનાર બુટલેગર ઝડપાયો

## કપિલા હનુમાન રોડ પર દેશી બનાવટની પિસ્ટન સાથે એકની ધરપકડ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના સામા કાંઠે બી ડિવિઝન પોલીસે બાદ મહિના આધારે કારમાં ચોરખાનું બનાવી વિદેશી દારૂ નો જથ્થો લાવનાર બુટલેગરને દબોચી લઈ રૂપિયા ૩.૭૭, લાખનો મુદ્દા માલ કબજે કર્યો છે જ્યારે એસોજીની ટીમે કપિલા અનુમાન રોડ પર એક શખ્સને દેશી બનાવટની પિસ્તોલ સાથે ધરપકડ કરી વધુ તપાસ કરી છે.




આ અંગેની મળતી માહિતી મુજબ બી ડિવિઝન પોલીસ મથકના પીએસઆઇ એ બી ચૌધરી એએસઆઈ અનિલ સિંહ કોન્સ્ટેબલ વિશ્વજીતસિંહ અને નરેશ ચાવડા સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાંધવી ના આધારે પેઢક રોડ પર વોચ ગોઠવી એક કાર નંબર લષ ૧૫ સી ક્યુ ૯૦૬ માં એક શખ્સ શંકાસ્પદ રીતે નીકળતા પોલીસે તેને અટકાવી કારની તલાટી લેતા કારમાં તે લાઈટ પેટ્રોલ ટેંક સ્પેર વિલ વગેરે જગ્યામાં ચોર ખાના બનાવી દારૂનો જથ્થો છુપાવવામાં આવ્યો હતો પોલીસે વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડના ચપલા મેજીક મોમેન્ટ ૧૨૪ ૧૨૩ આઈકોનિક વિસ્કી ૯૮ રોયલ ચેલેન્જ બાર રોજ ૧૮ સહિત કાર અને એક મોબાઈલ મળી કુલ રૂપિયા ૩.૭૭ લાખ નો મુદ્દામાલ કબજે કરી કારનો ચાલક ધર્મેશ જીબુ નાયક રહે ધરમપુર રોડ અબ્રામા ઝરણા પાર્ક પાસે વલસાડ ની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી.




જ્યારે એસોજીના પીઆઇ એસએમ જાડેજા ની સૂચનાથી પીએસઆઇ એમબી માજીરાણા એએસઆઈ ધર્મેશભાઈ હેડ કોસ્ટેબલ ઈન્દુ ભા તથા કોન્સ્ટેબલ મૌલિકભાઈ હર્ષદસિંહ પરમાર સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે બાદ મીના આધારે કપિલા હનુમાન રોડ પર ભુપત બાઈડીંગ વર્ક નામની દુકાન સામે એક શખ્સ પિસ્તોલ સાથે ઉભો હોવાની હકીકત મળતા એસોજીની ટીમે ઉપરોક્ત સ્થળે ખરાઈ કરતા મોહસીન શરીફ જુણેજા રહે પોપટ પરા મેઈન રોડ ગોકુળ કોમ્પ્લેક્સ પાછળ ભાડાના મકાનમાં ને દબોચી લઈ તેની તલાસી લેતા તેના નેફા માંથી એક દેશી બનાવટની પિસ્તોલ કિંમત રૂપિયા ૧૦,૦૦૦ ની મળી આવતા પોલીસે તેની ધરપકડ કરી દેશી પિસ્ટન કબજે કરી હથિયાર ક્યાંથી લાવ્યો અને કોને આપવાનું હોય એ અંગે વધુ તપાસ શરૂ કરી છે.

# વેરા વિભાગના સ્ટાફની માર્ચ માસની તમામ રજાઓ રદ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મનપાના વેરા વિભાગ દ્વારા વર્ષ પૂર્ણ થવાના ૩૧ દિવસ બાકી હોય આખો મહિનો કડક કાર્યવાહી કરવા તમામ સ્ટાફની રજાઓ રદ કરી છે અને આજે ત્રણેય ઝોનમાં કામગીરી હાથ ધરી વધુ ૮ મીલકતો સીલ કરી સ્થળ ઉપર રૂા.૨૭.૨૬ લાખની વસુલાત કરી હતી.

વેરા વિભાગ દ્વારા ૮૦ ફૂટ રોડ પર આવેલ ૧-યુનિટની નોટીસ સામે રીકવરી રૂ.૨.૯૯ લાખ. મોચી બાજારમાં ૧-યુનિટના બાકી માગના સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૮૫,૪૫૮/- શુભમ પાર્કમાં ૧-યુનિટના બાકી માગના સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૬૮,૬૩૦/- જામનગર રોડ પર આવેલ ૧-યુનિટના બાકી માગના સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૩.૦૩ લાખનો ડ્ઉઈ ચેક આપેલ. પેડક રોડ પર આવેલ ૧-યુનિટના બાકી માગના સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૫૦,૧૦૦/-નો ડ્ઉઈ ચેક આપેલ. ણછોડનગરમાં શેરી નં-૧માં કિરણ સામે સિલની કાર્યવાહી કરતાં રિકવરી રૂ.૫૧,૩૦૦/- ભાવનગર રોડ પર કબ્રસ્તાન સામે ભૂમિકા સ્કૂલ નજીક શોપ નં-૧ સામે સિલની કાર્યવાહી કરતાં રિકવરી રૂ.૫૪,૧૦૫/- કોટક શેરીમાં ૧-યુનિટના બાકી માંગના સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૫.૦૦ લાખ કરેલ હતી. સેન્ટલ ઝોનમાં પ્રહલાદ રોડ પર આવેલ ૧-યુનિટને સીલ કારેલ છે.(સીલ) ટાગોર મેઈન રોડ પર આવેલ ૫-યુનિટને સીલ કરેલ છે.(સીલ) ટાગોર રોડ પર દ્વારકા વનમાં ગ્રાઉન્ડ ફ્લોર પર શોપ નં-જી/૪ ને સીલ મારેલ બાકી માંગણું રૂ.૫૬,૭૪૭/-(સીલ) ટાગોર રોડ એક્યુરેટ સ્ક્વેર થર્ડ ફ્લોર ઓફિસ નં-૩૦૫ ને સીલ મારેલ બાકી માંગણું રૂ.૭૮,૧૬૯/-.(સીલ) એસ્ટ્રોન બિઝનેઝ હબ ફિફ્થ ફ્લોર પર શોપ નં-૫૦૨ સામે સિલની કાર્યવાહી કરતાં રિકવરી રૂ.૭૨,૯૦૦/-. એસ્ટ્રોન બિઝનેઝ હબ ફિફ્થ ફ્લોર પર શોપ નં-૫૦૧ સામે સિલની કાર્યવાહી કરતાં રિકવરી રૂ.૧.૧ લાખ . ટાગોર રોડ પર શ્રી કૃષ્ણા કોર્નર પર ઓફિસ નં-૪ સામે સિલની કાર્યવાહી કરતાં રિકવરી રૂ.૭૬,૦૦૦/- - ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલ ૩૪-યુનિટની નોટીસ સામે રીકવરી રૂ.૧૫.૩૫ લાખનો P$DC ચેક આપેલ. ચંદ્રેશનગરમાં અલ્કા સોસાયટી સામે પવન કોમ્પ્લેક્ષમાં ફર્સ્ટ ફ્લોર શોપ નં-૧૦૪ ને સીલ મારેલ બાકી માંગણું રૂ.૬૫,૫૩૩/-.(સીલ)સમ્રાટ ઈન્ડ એરિયામાં ૧-યુનિટની સામે સિલની કાર્યવાહી કરતાં રિકવરી રૂ.૧.૧૬ લાખ કરી હતી.

# સૌરાષ્ટ્રયુનિ.માં આવતીકાલે ૫૯મો પદવીદાન સમારોહ

## રાજ્યપાલ-શિક્ષણમંત્રી, ISRO ડાયરેક્ટરની ઉપસ્થિતિમાં ૧૨૬ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ, ૪૨,૬૭૭ને ડિગ્રી એનાયત કરાશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો ૫૯મો પદવીદાન સમારોહ અગાઉ તા.૨૯ ડિસેમ્બરના રવિવારના યોજવાનું એલાન કરાયું હતું. જોકે તે વખતે ભારતના પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંઘનું નિધન થતા રાષ્ટ્રીય શોક પાળવામાં આવ્યો હતો અને તેથી પદવીદાન સમારોહ મોકૂફ રહ્યો હતો. જે બાદ યુનિવર્સિટીના સત્તાધીશો દ્વારા ફેબ્રુઆરી મહિનામાં પદવીદાન સમારોહ યોજવાની તારીખ રાજ્યપાલ સમક્ષ માગવામાં આવી હતી. જોકે આ દરમિયાન તારીખ ન મળી પરંતુ હવે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો ૫૯મો પદવીદાન સમારંભ આગામી તા. ૪ માર્ચના મંગળવારના રોજ બપોરે ૩.૩૦ વાગ્યે રાજયપાલ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલાધિપતિ આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને, ગુજરાત રાજયના રાજયકક્ષાના શિક્ષણમંત્રી પ્રફુલ પાનશેરિયા તથા ઈજીછ્‌ઘ-જીઅઈ, અમદાવાદના ડાયરેક્ટર નિલેષ દેસાઈની વિશેષ ઉપસ્થિતિમાં યોજાશે. આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ૧૪ વિદ્યાશાખાના ૪૨,૬૭૭ દિક્ષાર્થીઓને પદવીઓ તથા ૧૨૬ ગોલ્ડ મેડલ તથા ૨૨૧ પ્રાઈઝ એનાયત કરવામાં આવશે.




સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ઉત્પલ જોશીના માર્ગદર્શન હેઠળ પદવીદાન સમારોહને સફળ બનાવવા માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ૫૯મા પદવીદાન સમારોહમાં કુલ ૧૩ વિદ્યાશાખાના ૧૧૧ વિદ્યાર્થીઓને કુલ ૧૨૬ ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવશે. જેમાં દાતાઓ તરફથી કુલ ૫૨ ગોલ્ડ મેડલ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તરફથી કુલ ૭૪ ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવશે. દાતાઓ તરફથી કુલ ૧૦૮ પ્રાઈઝ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તરફથી કુલ ૧૧૩ પ્રાઈઝ મળીને ૨૨૧ પ્રાઈઝ આ પદવીદાન સમારોહમાં એનાયત કરવામાં આવશે. ૩૯ વિદ્યાર્થીઓ તથા ૮૭ વિદ્યાર્થિનીઓ મળીને કુલ ૧૨૬ ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવશે.

જામનગરની એમ.પી. શાહ મેડીકલ કોલેજની વિદ્યાર્થિની રામચંદાણી તારીકાને એમ.બી.બી.એસ.માં સૌથી વધુ ૪ (ચાર) ગોલ્ડ મેડલ અને ૩ (ત્રણ) પ્રાઈઝ, જામનગરની એમ.પી. શાહ મેડીકલ કોલેજની વિદ્યાર્થી ગાંધી ઝોહરને એમ.બી.બી.એસ.માં ૩ (ત્રણ) ગોલ્ડ મેડલ અને ૭ (સાત) પ્રાઈઝ, પ્રભાબેન પટેલ કોલેજ, મોરબીની વિદ્યાર્થીની વ્યાસ દેવાંગીને એલ.એલ.બી.માં ૩ (ત્રણ) ગોલ્ડ મેડલ અને ૬ (છ) પ્રાઈઝ, મોથીબા મહિલા આર્ટસ કોલેજ, અમરેલીની વિદ્યાર્થિની ડાભી ભૂમિકાબેનને બી.એ. ગુજરાતીમાં ૩ (ત્રણ) ગોલ્ડ મેડલ તથા ૨ (બે) પ્રાઈઝ એનાયત થશે.


# ઈસ્કોન એમ્બીટીમાં યુવાને પત્નીના પૈસાથી માતાના નામે ફ્લેટ ખરીદતા ડખ્ખો

## મારા નામે ફ્લેટ કર્યો હોત તો હુ તમને કાઢી ન મુકત કહેતાં જ પતિ વિફર્યો: સાસરિયા સામે ફરિયાદ નોંધાવતી પરિણીતા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના મવડી-કણકોટ રોડ પર ઈસ્કોન એમ્બીટીમાં રહેતી પરિણીતાના પૈસા લઈને તેના પતિએ માતાના નામે ફ્લેટ કરતાં ડખ્ખો થવાને કારણે એક સુખી સંસારનો અંત આવ્યો હતો સાથે સાથે સાસરિયાઓ સામે માનસિક ત્રાસની પણ ફરિયાદ નોંધાઈ હતી.

આ અંગે નયનાબેન રાહુલભાઈ તરાવિયાએ જણાવેલી ફરિયાદમાં જણાવ્યું કે ધોરાજીમાં રહેતા રણમીક રણછોડભાઈ રાંકના પુત્ર રાહુલ સાથે પ્રેમલગ્ન કર્યા બાદ ૨૩-૧૧-૨૦૨૩ના વડિલોની હાજરીમાં રાજકોટમાં વિધિ પ્રમાણે લગ્ન કર્યા હતા. લગ્ન બાદ ધોરાજીમાં નયનાબેન સાસરિયાઓ સાથે રહેતા હતા.



લગ્ન બાદ ખબર પડી હતી કે રાહુલ ધો.૧૦ ફેઈલ છે. આ અંગેની વાત સાસુ-સસરાને કરતાં ઝઘડો થયો હતો. ત્યારબાદ નયનાબેન પતિ સાથે રાજકોટ રહેવા આવી ગઈ હતી અને અહીં પ્રાઈવેટ નોકરી કરતી હતી. રાહુલે ભાગીદારીમાં ધંધો કર્યો હતો પરંતુ તે ન ચાલતાં દેવું થયું હતું જેના કારણે નયનાર્બેનના પગારથી ઘર ચાલતું હતું.

ઘરની સ્થિતિ ખરાબ હોવા છતાં રાહુલે સંતાન માટે દબાણ કરતાં નયનાબેન સહમત થયા હતા અને તા.૧-૧૧-૨૦૧૫ના પુત્રનો જન્મ થયો હતો. આ વેળાએ નયનાબેનના માવતરે આર્થિક મદદ કરી હતી. બાદમાં રાહુલનો ધંધો બરાબર ચાલવા લાગતાં એક મકાન લેવાનું નક્કી કર્યું હતું જેનું દોઢ લાખ ડાઉન પેમેન્ટ નયનાબેને કરેલી બચત તેમજ ભાઈની મદદ લઈને ભરપાઈ કર્યું હતું. આ ફ્લેટ નયનાબેનના નામે લખાવવા સહમતિ સધાઈ હતી પરંતુ રાહુલે ફ્લેટ તેના માતા રમાબેનના નામે લીધો હતો જેના કારણે નયનાબેને કહ્યું હતું કે ફ્લેટ મારા નામે લીધો હોત તો હું તમને ઘરમાંથી કાઢી ન મુકત આ વાતને લઈને ઝઘડો થયો હતો. નવા ફ્લેટમાં ગયા બાદ રાહુલે શંકા-કુશંકા કરવાનું શરૂ કર્યું હતું સાથે સાથે સાસુ-સસરા પણ ત્રાસ આપવા લાગ્યા હતા. એક દિવસ રાહુલે નયનાબેનને માર પણ માર્યો હતો.

ત્યારબાદ સાસુ-સસરા અને રાહુલ નયનાબેન અને પુત્ર કાવ્યને લઈને બીજે રહેવા જતા રહ્યા હતા અને ખોટા પોલીસ કેસ કરીને હેરાન કરતા આખરે તેમની સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે રાહુલ રાંક, તેના પિતા રમણીક રાંક અને માતા રમાબેન સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

